# ગુજરાત રાજય આચાર્ય સંઘ

## ગુ.મા.શિ.બોર્ડની ચૂંટણી – ૨૦૧૩ માટે રાજય આચાર્ય સંઘના સત્તાવાર (માન્ય) ઉમેદવાર નકકી કરવા માટે પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા નકકી કરેલ નિતી નિયમો

ઘટક સંઘના પ્રમુખ/ મંત્રીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, સમગ્ર ગુજરાતના સારસ્વત મિત્રો,

વર્ષ ૨૦૧૩ માં યોજાનાર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં રાજય આચાર્ય સંઘ દ્વારા તાઃ ૧૯/૫/૨૦૧૩ ની કારોબારી / સંસદ ની સંયુકત બેઠકમાં પાર્લામેન્ટરી બોર્ડની રચના કરવામાં આવેલ હતી. પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની ચૂંટણી ૨૦૧૩ માટે નિતી નિયમો નકકી કરેલ છે.

ગુજરાત રાજય આચાર્ય સંઘની પાર્લામેન્ટરી બોર્ડની મીટીગ પાર્લામેન્ટરી બોર્ડના અધ્યક્ષના પ્રમુખસ્થાને "આત્મીય વિદ્યાલય" ગુમાનદેવ - ભરૂચ ખાતે તાઃ ૨૨/૫/૨૦૧૩ ના રોજ યોજવામાં આવી. જેમાં પાર્લામેન્ટરી બોર્ડના તમામ સભ્યોની હાજરીમાં આગામી ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની ચૂંટણી અંગે ઉમેદવારના નોર્મ્સ અંગે પુખ્ત વિચારણા કરી અને નીચે મુજબના નિતી નિયમો નકકી કરવામાં આવ્યા.

(અ) જિલ્લા / શહેર ઘટક સંઘે કરવાની કાર્યવાહી

૧. રાજય આચાર્ય સંઘ સાથે જિલ્લા/ શહેર આચાર્ય સંઘે બોર્ડનું ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થયે કે તુરત જ એક પરિપત્ર કરી જાહેર થયેલી ચૂંટણીમાં ઉમેદવારી કરવા ઈચ્છતા સભ્ય આચાર્યો પાસેથી અરજી મંગાવવી.

૨. અરજી મંગાવવાની મુદત પુરી થયા પછી બંધારણ મુજબ એજન્ડા ઉપર કામની નોંધ કરી જિલ્લા/ શહેર ઘટક સંઘની કારોબારી સભા બોલાવીને શકય હોય તો સર્વાનુમતે અને વિવાદ ઊભો થાય તો બહુમતીથી જિલ્લાનો માન્ય ઉમેદવાર નકકી કરવો. આ સભામાં એક જ નામ માટે સંમતિ ન સધાય તો ઘટક સંઘમાં ઉભા થયેલા વિવાદને ટાળવા વધુમાં વધુ બે નામ પાર્લામેન્ટરી બોર્ડને ઠરાવ સાથે મોકલી શકશે. ઘટક સંઘે મોકલેલ બે નામમાં ક્રમનું મહત્ત્વ રહેશે નહિ, તેમાંથી યોગ્ય લાગે તે સક્ષમ ઉમેદવારને પાર્લામેન્ટરી બોર્ડ માન્ય રાખશે.

૩. જિલ્લા/ શહેર કારોબારી સમિતિએ માન્ય કરેલ ઉમેદવાર માટે પાર્લામેન્ટરી બોર્ડના અધ્યક્ષ પાસેથી રૂબરૂ રૂા ૫૦૦/- અંકે રૂપિયા પાંચસો પૂરા ભરીને નિયત નમૂનાનું ફોર્મ મેળવીને જિલ્લા / શહેર ઘટકના પ્રમુખ અને મંત્રી બંનેની સંયુકત સહીથી પરત મકલવાનું રહેશે. પ્રમુખ / મંત્રી ઉમેદવાર હોય ત્યાં ઉપપ્રમુખની સહી હોવી જરૂરી છે. આ ફોર્મ સાથે કારોબારી સમિતિના ઠરાવની નકલ અવશ્ય જોડવી તેમજ રૂબરૂ સુનાવણીના સમયે કારોબારી સમિતિની અસલ પ્રોસિડીગ ઠરાવ બુક સાથે રાખવાની રહેશે.

૪. જિલ્લા/ શહેર ઘટક સંઘે તેમના માન્ય ઉમેદવારનું નામ અથવા પેનલ રજુ કરે ત્યારે ડીપોઝીટની રકમ રૂા ૨૫૦૦૦/- અંકે રૂપિયા પચ્ચીંસ હજાર પૂરા ફોર્મ સાથે રોકડા અથવા "ગુજરાત રાજય આચાર્ય સંઘ" નામનો ડ્રાફ્ટ આપવાનો રહેશે.

૫. જે જિલ્લા / શહેર ઘટક સંઘ પાર્લામેન્ટરી બોર્ડના આદેશનું પાલન કરશે તેને ડીપોઝીટની રકમ ચુંટણી પૂરી થયા પછી પરત થવાને પાત્ર રહેશે. અને જે જિલ્લા / શહેર ઘટક સંઘ પાર્લામેન્ટરી બોર્ડના આદેશનું પાલન ન કરે તેની ડીપોઝીટની રકમ પરત થવાને પાત્ર રહેશે નહી. તથા જે જિલ્લા / શહેર ઘટક સંઘના ઉમેદવારને પાર્લામેન્ટરી બોર્ડ ઉમેદવારી કરવા માન્યતા આપશે તેની રકમ રૂા ૨૫૦૦૦/- આચાર્યસંઘમાં જમા રહેશે.તેમજ માન્ય ઉમેદવારે વધારાના રૂા ૨૫૦૦૦/- ચૂંટણી ખર્ચ પેટે જમા કરાવવાના રહેશે.

(બ) <u>ગુ.રા.મા.શિ.બોર્ડની ચૂંટણી માટે સત્તાવાર (માન્ય) ઉમેદવાર તરીકે માન્યતા આપવાના નિયમો</u>

૧. રાજ્ય આચાર્ય સંઘના પાર્લામેન્ટરી બોર્ડ જિલ્લા / શહેર ઘટક સંઘની તેઓએ નકકી કરેલા ઉમદવાર માટે રૂબરૂ સુનાવણી સમયે જે તે ઘટક સંઘના જવાબદાર હોદેદારોઃ પ્રમુખ, મંત્રી, ઉપપ્રમુખ, જે તે જિલ્લાના રાજયના હોદેદારો સહિત વધુમાં વધુ પાંચ પ્રતિનિધીઓ ઉમેદવાર સાથે હાજરી આપી શકશે.

૨. રજુઆત કરવા આવનાર ઘટક સંઘના પ્રતિનિધી મંડળે માત્ર તેઓના ઉમેદવારની રજુઆત કરવાની છે. અન્ય જિલ્લા / શહેર ઘટક સંઘના ઉમેદવારની સાથે હાજરી આપી શકશે નહિ.તથા અન્ય જિલ્લાના ઉમેદવાર માટે રૂબરૂ રજુઆત કરી શકશે નહિ.

૩. ચૂંટણીના જૂથ ના તમામ જિલ્લા / શહેર ઘટકો સંયુકત રીતે એક જ ઉમેદવાર નકકી કરશે તો તે આવકાર્ય ગણાશે અને તે નિર્ણયને પાર્લામેન્ટરી બોર્ડ માન્ય રાખશે.

૪. જિલ્લા/ શહેર ઘટક સંઘ માન્ય ઉમેદવારનું નામ નકકી કરતી વખતે રાજય / જિલ્લા / શહેર ઘટક સંઘમાં વફાદારી, સક્રિયતા અને તેની કામગીરી લક્ષમાં લેવાશે.

૫. ગત મા.શિ. બોર્ડની ચૂંટણી સમયે જિલ્લા / શહેર ઘટક સંઘની ભુમિકા, આચાર્ય સંઘના રાજય કક્ષાના કાર્યક્રમો, અધિવેશનો અને સારસ્વત સભ્ય સંખ્યામાં ઉમેદવાર અને ઘટક સંઘનું યોગદાન લક્ષમાં લેવાશે.

૬. મા.શિ. બોર્ડની ચૂંટણીઓમાં જે શહેર / જિલ્લા ઘટક સંઘની ઉમેદવારી માન્ય ઉમેદવાર તરીકે પસંદગી ન થઈ હોય તેમજ ભૂતકાળમા શહેર / જિલ્લા ઘટકને તક ન મળી હોય તેવા ઘટક સંઘને પસંદગીમાં અગ્રતા આપતા પહેલાં સક્ષમતા તેમજ જીતની શકયતા ચકાસવાની રહેશે.

૭. ગુ.રા.પાર્લામેન્ટરી બોર્ડ માન્યતા આપતી વખતે શહેર / જિલ્લા ઘટક સંઘકે કોઈ ઉમેદવારને પુનઃ અધિકૃત કરી શકશે નહિ.

૮. જે તે જિલ્લા/ શહેર ઘટક સંઘની બાકી લહેણી રકમ હશે તે ઉમેદવારી પત્રક મેળવતા પહેલાં કાર્યાલયમાં જમા કરાવવી જરૂરી છે.

૯. જિલ્લા/ શહેર ઘટક સંઘો આ ચૂંટણી માટે જે તે ઉમેદવારની પસંદગી કરે ત્યારે તે નીચેની બાબતો લક્ષમાં રાખશે.

(અ) ચૂંટણીની તારીખ અને વય નિવૃતિ તારીખ વચ્ચે ઓછામાં ઓછો ચાર વર્ષ નોકરીનો સમયગાળો અનિવાર્ય હોવો જોઈએ.

(બ) જે તે જિલ્લા/ શહેર ઘટક સંઘમાં કાર્યક્ષમતા, વફાદારી, સક્રિયતા તેમજ યોગ્યતાની ચકાસણી કરવામાં આવશે.

(ક) રાજય આચાર્ય સંઘના માન્ય ઉમેદવાર બની બોર્ડના સભ્ય બનનાર સભ્ય રાજય આચાર્ય સંઘની વખતો વખતના આદેશોનું પાલન કરે તેની બાંહેધરી લેવાની રહેશે.

(ડ) પાર્લામેન્ટરી બોર્ડના કોઈપણ સભ્ય રાજીનામું મૂકીને પણ ઉમેદવારી કરી શકશે નહિ.

(ઇ) ઉમેદવાર આચાર્ય તરીકે ઓછામાં ઓછો ચાર વર્ષનો અનુભવ અને જે તે જિલ્લા/ શહેર ઘટક સંઘનું ચાર વર્ષનું સભ્ય પદધરાવતો હોવો જોઈએ.

(ઈ) કોઈપણ જિલ્લા/ શહેર ઘટક સંઘપાર્લામેન્ટરી બોર્ડે નકકી કરેલ ઉમેદવાર સિવાયના ઉમેદવારને મદદ કે તરફેણ કરશે તો તે ઘટક સંઘ પાંચ વર્ષ માટે રાજય સંઘના કોઈપણ હોદાનો દાવો કરી શકશે નહિ.તેમજ

બળવાખોર ઉમેદવાર જિલ્લા ઘટક સંઘમાં પ્રમુખ કે મહામત્રીનો હોદો ગ્રહણ કરી શકશે નહિ. તેમ કરવામાં કસુર થશે તો જિલ્લા ઘટક સંઘને રાજ્ય સંગઠનનું જોડાણ આપવામાં આવશે નહિ.

(ઉ) અગાઉ અન્ય કોઈ સંવર્ગમાં બોર્ડ સભ્ય થયેલ હોય તે વ્યકિત માટે નો-રીપીટ થીયરી અમલમાં મૂકવાની રહેશે.

(ઊ) ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડમાં ઉમેદવારી માટે રાજ્ય સંગઠનને રજુઆત કરતી વખતે રૂપિયા ૨૦/- ના સ્ટેમ્પ પેપર પર સંગઠનને વફાદારી અંગે અને સંગઠન વિરૂદ્ધ કામ નહિ કરે તેની લેખીત બાહેંધરી આપવાની રહેશે.

(એ) ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ માં તેમની કામગીરી દરમિયાન રાજ્યના આચાર્યના હકક હિતને પોતાના હૈયે રાખીને વર્તશે જેની ચકાસણી ઘટક સંઘે કરવાની રહેશે અને ઘટકમાં તેને સક્રિય રહેવાનું રહેશે. તેમજ રાજ્ય આચાર્ય સંઘની સંસદ સભા / કારોબારીમાં અવશ્ય હાજરી આપવાની રહેશે.

(ઐ) બોર્ડની કોઈપણ કામગીરીમાં, રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ, મહામંત્રી સાથે ચર્ચા વિચારણા કરવાની રહેશે. તેમજ બોર્ડની કામગીરીથી પ્રમુખ તથા મહામંત્રીને વાકેફ કરવાના રહેશે.

(ઓ) ઉ.બુ. આચાર્ય સંવર્ગમાં પણ રાજ્ય આચાર્ય સંઘ પાર્લામેન્ટરી બોર્ડ માન્ય ઉમેદવાર નકકી કરશે.

બળવાખોર ઉમેદવાર કાયમી ધોરણે (આજીવન) રાજ્ય સંઘના કે ઘટક સંઘના પ્રાથમિક સભ્યપદે રહી શકશે નહિ. અને બળવાખોર ઉમેદવારને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરનારને પણ તાત્કાલિક પાર્લામેન્ટરી બોર્ડ કાયમી ધોરણે (આજીવન) સસ્પેન્ડ કરી બહાલી માટે રાજ્ય આચાર્યસંઘને ભલામણ કરશે.

| ક્રમ | હોદો | નામ |
|---|---|---|
| (૧) | અધ્યક્ષ | શ્રી યુ.એ.કડિવાર |
| (૨) | સભ્યશ્રી | શ્રી સંજયભાઈ દેસાઈ |
| (૩) | સભ્યશ્રી | શ્રી રાકેશસિંહ રાઠોડ |
| (૪) | સભ્યશ્રી | શ્રી કનુભાઈ જી પટેલ |
| (૫) | સભ્યશ્રી | શ્રી આર.આર. સોલંકી |

યુ.એ.કડિવાર

અધ્યક્ષ

પાર્લામેન્ટરી બોર્ડ

ગુજરાત રાજ્ય આચાર્યસંઘ

નોંધ: (૧) ઘટક સંઘની રજુઆત માટે ઘટક સંઘના પ્રમુખ/ મહામંત્રી ને હવે પછીથી તારીખ સમય અને સ્થળની જાણ કરવામાં આવશે તે સમયે જરૂરી વિગતના અસલ આધારો સાથે હાજર રહેવાનું રહેશે. (૨) આચાર્યસંઘની વેબ સાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલું ફોર્મ ભરી શકાશે પરંતુ તે ઉમેદવારે ફોર્મ ફી રૂા ૫૦૦/- જમા કરાવવાનીં રહેશે (૩) ફોર્મ મેળવવા માટે કાર્યાલય મત્રીશ્રી એમ.એચ.અંદાણી મોઃ ૯૮૭૯૪ ૯૦૬૦૩ નો અથવા પ્રમુખશ્રી દિનેશભાઈ ચૌધરી ૯૪૨૭૦ ૭૦૨૦૦ નો સંપર્ક કરી ફોર્મ તાઃ ૩/૬/૨૦૧૩ સુધીમાં મેળવવાના રહેશે.

# ગુજરાત મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડની ચૂંટણી -૨૦૧૩ આચાર્ય સંવર્ગ માટેનું ઉમેદવારીપત્ર

૧. અરજદારનું નામઃ ........................................ જૂથઃ ...........

૨. જન્મ તારીખ : ..................

૩ શાળાનું નામ તથા સરનામું : ....................................... ................................

........................................................................

૪. ઘરનું સરનામું : .................................................................................

.................................................................................

મો.નંબર : ........................................

૫. આચાર્ય તરીકે નિમણૂક તારીખ : .................. નિવૃતિ તારીખ : ..................

૬. (ક) જિલ્લા ઘટક સંઘની સભ્ય ફી પહોંચ નંબર : .................. તારીખ : ..................

(ખ) રાજય કલ્યાણનીધિ ફી પહોંચ નંબર : .................. તારીખ : ..................

(ગ) મા.શિક્ષણ બોર્ડનો મતદારયાદી ક્રમાંક : .................. જિલ્લો : ...................

૭. ઘટક સંઘનો હોદો : ............................ કયારથી : ..................

૮. રાજય આચાર્ય સંઘનો હોદો : .................. કયારથી : ..................

૯. ઘટક / રાજય સંઘમાં કામગીરીની ટૂંકી વિગત :

(અ) ...........................................................................

(બ) ...........................................................................

(ક) ...........................................................................

(ડ) ...........................................................................

૧૦. સામાજિક ક્ષેત્રે પ્રદાન :.............................................................

...............................................................................

૧૧. શૈક્ષણિકક્ષેત્રે વિશિષ્ટ પ્રદાનઃ.......................................................

...............................................................................

મહામંત્રી

..............આચાર્ય સંઘ

પ્રમુખ

..............આચાર્ય સંઘ

નોંધઃ ઉમેદવારી કરનાર આચાર્યએ તાઃ ૪/૬/૨૦૧૩ થી તાઃ ૬/૬/૨૦૧૩ , સવારે ૧૧ થી ૪ કલાક સુધીમાં ઉમેદવારી પત્ર સારસ્વત ભવન, અભિષેક બિલ્ડીગ, હોટલ હવેલી સામે, ચ રોડ- ગાંધીનગર સેકટર નંઃ ૧૧ મુકામે રજુ કરવાનું રહેશે તે માટે કાર્યાલય મંત્રી અથવા રાજય આચાર્ય સંઘના પ્રમુખશ્રી નો સંપર્ક કરવો.

## ગુજરાત મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડની ચૂંટણી -૨૦૧૩
## ઉમેદવારોએ પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ રૂબરૂ રજુઆત માટેનું શિડયુઅલ

**સ્થળ : સારસ્વત ભવન, અભિષેક બિલ્ડીગ,  હોટલ હવેલી સામે, ચ રોડ- ગાંધીનગર સેકટર નં: ૧૧**

| ક્રમ | જુથ | જિલ્લા | તારીખ | સમય |
|---|---|---|---|---|
| ૧ | જુથ નં : ૧ | ભાવનગર, સુરેન્દ્રનગર, ખેડા, વડોદરા દાહોદ | તાઃ ૮/૬/૨૦૧૩ શનિવાર | સવારે ૧૧ કલાકે |
| ૨ | જુથ નં : ૨ | આણંદ, ભરૂચ, સુરત, વલસાડ, નવસારી નર્મદા, ડાંગ, તાપી | તાઃ ૮/૬/૨૦૧૩ શનિવાર | બપોરે ૨ કલાકે |
| ૩ | ઉ.બુનિયાદી વિભાગ | તમામ જિલ્લાઓ | તાઃ ૮/૬/૨૦૧૩ શનિવાર | બપોરે ૪ કલાકે |
| ૪ | જુથ નં : ૩ | અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, પોરબંદર | તાઃ ૯/૬/૨૦૧૩ શનિવાર | સવારે ૧૧ કલાકે |
| ૫ | જુથ નં : ૪ | મહેસાણા,સાંબરકાંઠા, પંચમહાલ, પાટણ કચ્છ | તાઃ ૯/૬/૨૦૧૩ શનિવાર | બપોરે ૨ કલાકે |
| ૬ | જુથ નં : ૫ | અમરેલી, જુનાગઢ, રાજકોટ,  જામનગર | તાઃ ૯/૬/૨૦૧૩ શનિવાર | બપોરે ૪ કલાકે |

યુ.એ.કડિવાર
અધ્યક્ષ
પાર્લામેન્ટરી બોર્ડ
ગુજરાત રાજય આચાર્યસંઘ